
## વડીલોને વંદન અભિનંદન



રતિલાલ નારણદાસ પીઠડિયા
(૧૯૩૪) ફોનઃ ૨૩૨૨૬૯૭૮

### પ્રધાન પુત્રની ધમાલ પ્રકરણમાં બે ની અટકાયત

સેક્ટર-૨૧માં જય ભવાની વડાપાઉ ખાતે તેના સંચાલક સુઝલ શાહને પ્રધાન પરષોત્તમ સોલંકીના દિકરા તથા અન્ય માણસોએ મળીને ઢીબી નાંખ્યો હોવાની ઘટનાએ ચકચાર મચાવી છે. આ પ્રકરણમાં સુજલ શાહની ફરીયાદને આધારે સે. ૨૧ પોલીસે ગુનો નોંધી તપાસ શરૂ કરી સીસીટીવી કેમેરા ચેક કરી આરોપીઓ સુધી પહોંચવા તજવીજ કરી છે. દરમ્યાન આજે આ પ્રકરણમાં વિશાલ દામોદરભાઈ સોલંકી અને જયેશ અશોકભાઈ સોલંકી મળી બે શખ્સોની અટકાયત કરી વધુ પુછપરછ શરૂ કરી છે.

### સેક્ટર-૧૨ ઉમિયા માતાજીનો પાટોત્સવ યોજાશે

ગાંધીનગર, તા. ૨૭

કડવા પાટીદાર સમાજ ગાંધીનગર દ્વારા સેક્ટર-૧૨ સ્થિત શ્રી ઉમિયામાતાજીનો બારમો પાટોત્સવ ઉજવવામાં આવશે. આગામી ૩જી મે રવિવારના રોજ સવારે ૮ થી સાંજના ૭ વાગ્યા સુધી વિવિધ ધાર્મિક કાર્યક્રમો યોજાશે. જેમાં સવારે ૮ વાગે નવચંડી હવન, બપોરે ૧૨.૩૯ કલાકે ધ્વજારોહણ, સાંજે ૫ વાગે હવનમાં શ્રીફળ હોમવામાં આવશે. સાંજે ૬ વાગે ભોજન પ્રસાદ લેવામાં આવશે. આ પ્રસંગે બપોરે ૨.૩૦ કલાકે તેજસ્વી વિદ્યાર્થીઓને ઈનામ આપવામાં આવશે.

### ગાંધીનગરથી હેમ રેડીયોની ટીમ નેપાળ જવા રવાના

સંપર્ક વિહોણા વિસ્તારોમાં સંપર્ક સેતુ ઉભો કરવા માટે હેમ રેડીયોની ગાંધીનગર ટીમ દ્વારા સુનામી, કચ્છ ધરતીકંપ, સુરત પુર સહિતની કુદરતી હોનારતોમાં શ્રેષ્ઠ કામ કરેલું છે. તાજેતરમાં નેપાળ ધરતીકંપ દુર્ઘટનામાં ઘણા વિસ્તારો હજુ સંપર્ક વિહોણા છે તેમાં સંપર્ક સેતુ સાધવા માટે ગાંધીનગરની ટીમ આજે નેપાળ જવા રવાના થઈ છે.

# વડોદરા ખાતે સૌરભ પટેલને રોષનો સામનો કરવો પડ્યો

## પ્રધાનને કાર્યક્રમને અદ્ધવચ્ચે છોડીને જવાની પડેલી ફરજ

## નારાજગી વ્યક્ત કરવાની રીત યોગ્ય ન હતી : નાણાં મંત્રી

ગાંધીનગર, તા.૨૭

વડોદરાના ગૌત્રી વિસ્તારમાં મુખ્યમંત્રી આવાસ યોજનાના ખાતમુહૂર્તમાં પહોંચેલા ગુજરાત રાજ્યના નાણાં મંત્રી સૌરભ પટેલને લોકોની નારાજગીનો સામનો કરવો પડ્યો હતો. તેમનો સ્થાનિક લોકો અને કોંગ્રેસના કાર્યકરોએ જોરદાર ઘેરાવ કર્યો હતો, જેથી સૌરભ પટેલને કાર્યક્રમ પડતો મુકીને પરત ફરવાની ફરજ પડી હતી. લોકોના ટોળેટોળા ઉમટી પડ્યા હતા. તેમના વાહનને નુકશાન પહોંચાડવાના પ્રયાસ કરાયા હતા. મોડેથી તેમની પ્રતિક્રિયામાં સૌરભ પટેલે કહ્યું હતું કે, વિરોધ કરવાની રીત યોગ્ય ન હતી. રજુઆત સરખી રીતે કરવામાં આવી નહતી. તેઓએ કહ્યું હતું કે, રજુઆત યોગ્ય રીતે થવી જોઈએ. વડોદરા કોર્પોરેશનમાં ભારે તોડફોડના મામલે આકરી પ્રતિક્રિયા મોડેથી કરવામાં આવી હતી. ડેપ્યુટી મેયરને પથ્થર વાગતા તેમને પણ ખસેડાયા હતા. પ્રાપ્ત થતી માહિતી મુજબ, વડોદરાના ગૌત્રી વિસ્તાર ખાતે આજે ૫ વાગે મુખ્યમંત્રી આવાસ યોજનાના ખાતમૂહુર્ત પ્રસંગે પહોંચેલા નાણાં મંત્રી સૌરભ પટેલ સહિત ભાજપના કાર્યકરો તેમજ કોર્પોરેશનના અધિકારીઓ ઉપસ્થિત હતા. અચાનક જ સ્થાનિક રહીશો સ્થળ પર ધસી ગયા હતા. પડતર પ્રશ્નોનું નિરાકરણ ન આવતા રોષે ભરાયેલા લોકો દ્વારા ઉગ્ર બોલાચાલી કરાઈ હતી. રોષે ભરાયેલા સ્થાનિક લોકોએ પથ્થરમારો શરૂ કરી દીધો હતો. સૌરભ પટેલનો ઘેરાવ કરાયો હતો. પથ્થરમારામાં વડોદરાના ડેપ્યુટી મેયર સુનિતા શુક્લા સહિત કેટલાક લોકો ઈજાગ્રસ્ત થયાહતા. આ ઘટનામાં સ્થાનીક રહીશો સાથે કોંગ્રેસના કાર્યકરો જોડાયા હતા.

# પ્રાંતિજ શાળા નં. ૨ માં ગરીબ વિદ્યાર્થીઓને પગરખાનું વિતરણ

## શાળાના જ ભૂતપૂર્વ વિદ્યાર્થી દ્વારા દર વર્ષે જરૂરીયાતમંદ વિદ્યાર્થીઓને ચંપલનું વિતરણ કરવામાં આવે છે

પ્રાંતિજ, તા. ૨૭

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ભાંખરીયા બસ સ્ટેશન પાસે આવેલ ગુજરાતી શાળા નંબર-૨ માં દરવર્ષની જેમ આ વર્ષે પણ શાળાના ભૂતપૂર્વ વિદ્યાર્થી દ્વારા જરૂરિયાતમંદ શાળામાં અભ્યાસ કરતાં વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓને ચંપલનું વિતરણ કરવામાં આવ્યું હતું.

પ્રાંતિજ ખાતે આવેલ પ્રાથમિક શાળાઓમાંની શાળા નંબર-૨ ખાતે ૨૩મી એપ્રિલ ગુરૂવારના રોજ શાળામાં અગાઉ અભ્યાસ કરી ચુકેલ અરવિંદભાઈ શાંતિલાલ શાહ કે જેવો વર્ષો પહેલા આ શાળામાં અભ્યાસ કરતા હતા. અને જેવો છેલ્લા કેટલાય વર્ષોથી ઉનાળાની ગરમીની શરૂઆત થતાં અને શાળામાં વેકેશન સમય પહેલા શાળા નંબર-૨ માં આવી જાય છે. અને ધો. ૧ થી ૮ માં અભ્યાસ કરતાં કોઈપણ જ્ઞાતિના જરૂરિયાતમંદ વિદ્યાર્થી કે વિદ્યાર્થીનીઓને પોતે ચંપલનું વિતરણ કરે છે. જેમાં આ કાર્યમાં શાળાના આચાર્ય કિશનસિંહ પરમાર તથા આ શાળાના નિવૃત્ત શિક્ષક શંભુભાઈ રાવલ તથા સ્ટાફ દ્વારા બાળકોને જુદી જુદી સાઈજોમાં ચંપલ વિતરણ કરવામાં મદદ કરવામાં આવી હતી. જ્યારે ગરીબ બાળકોને વેકેશન પહેલાં અને લગ્નની સીઝનમાં જ અને કાળઝાળ ગરમીમાં પગ રક્ષક ચંપલો મલતા ખુશી વ્યક્ત કરી હતી.

### ઉત્તર ગુજરાતના કડવા પટેલ સમાજનું ગૌરવ

પાટણ જિલ્લાના મેરવાડા ગામના વતની શ્રી પ્રતિક્ષાબેન સુરેશભાઈ પટેલને મે ૨૦૧૪માં લેવાયેલ સમાજકાર્ય પારંગત પરીક્ષામાં પ્રથમ આવવા બદલ ગુજરાત વિદ્યાપીઠના ૬૧મા પદવીદાનમાં શ્રી મણીભાઈ ભીમાભાઈ દેસાઈ પારતોષિક સુવર્ણચંદ્રક, શ્રી રમણલાલ મા. શાહ પારિતોષિક (તામ્રપત્ર) એનાયત કરવામાં આવ્યો છે. પ્રતિક્ષાબેન પટેલ ઉત્તર ગુજરાતના કડવા પટેલ જ્ઞાતિના સૌપ્રથમ મહિલાએ સુવર્ણચંદ્રક, તામ્રપત્ર અને મેડલ મેળવી જ્ઞાતિનું ગૌરવ વધાર્યું છે.

# તલોદ તાલુકામાં આંત્રોલી-દોલજી બેઠકનો કૃષિ મહોત્સવ યોજાયો

તાજપુર કેમ્પ, તા.૨૭

તલોદ તાલુકાનો વર્ષ ૨૦૧૫નો કૃષિ મહોત્સવ જિલ્લા પંચાયતના બેઠક વિસ્તાર આંત્રોલી દોલજીમાં ટીંબા કંપા ગામે આજે ઉજવાયો હતો. આ મહોત્સવમાં લાભાર્થી ખેડૂતો તેમજ અન્યો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતાં.

આ મહોત્સવમાં કૃષિ નિષ્ણાંતો દ્વારા ખેડૂતોને ઉપયોગી માહિતી પુરી પાડવામાં આવી હતી. કૃષિ મહોત્સવમાં કેટલાક ખેડૂતોનું સન્માન પણ કરવામાં આવ્યું હતું આ પ્રસંગે પૂર્વ કાયદામંત્રી વી.ડી. ઝાલા, પૂર્વ શિક્ષણમંત્રી જયસિંહ ચૌહાણ, પૂર્વ જિલ્લા પંચાયત જયેન્દ્રસિંહ રાઠોડ તેમજ તલોદ તાલુકા પંચાયત પ્રમુખ અને ભાજપના સંગઠન પ્રમુખ વગેરે સહિત નવા પ્રાંત અધિકારી ચૌધરી, દાંતીવાડા પશુપાલન વૈજ્ઞાનિકો ડૉ. વી.કે. જોષી અને ડૉ. આર.બી. મકવાણા અને સરકારી અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ મહોત્સવમાં ખેડૂતો માટે ભોજન વ્યવસ્થા કરાઈ હતી. પરંતુ પીવાના પાણીની ભારે તંગી જોવા મળી હતી.

### શાહપુર ચોકડી પાસેથી વધુ એક મહિલાના દોરાની લુંટ

ગાંધીનગર, તા.૨૭

તારાપુર વિસ્તારમાં રહેતા કૈલાસબેન બાબુજી ઠાકોર ગઈ કાલે સાંજે તેમના પતિ સાથે બાઈક પર બેસીને લગ્નમાં જવા નીકળ્યા હતા ત્યારે શાહપુર ચોકડી નજીક બ્લ્યુ રંગના પલ્સર બાઈક પર આવેલા બે અજાણ્યા લુંટારું ચેઈન સ્નેચર શખ્સો તેમની નજીક ગયા અને એક તોલાનો દોરો ગળામાંથી ખેંચી લુંટીને ફરાર થઈ ગયા હતાં. કૈલાશબેન બાઈક પરથી પડી જતાં તેણીને ઈજાઓ પણ થવા પામી હતી. આ બનાવ અંગે ઈન્ફોસીટી પોલીસે લુંટનો ગુનો નોંધી તપાસ શરુ કરી છે.

### વાવોલના શુભમ ફલેટમાં ગળે ફાંસો ખાઈ પ્રૌઢનો આપઘાત

ગાંધીનગર, તા.૨૭

ગાંધીનગર નજીક વાવોલ ગામમાં સ્થિત શુભમ ફલેટમાં બ્લોક નં. ૩૦૩ ખાતે રહેતા ૫ વર્ષીય અશોકભાઈ રઘુપતિ રાયે આજે બપોરના અરસામાં પોતાના ઘરમાં છતના હુકમાં દોરો બાંધી ગળે ફાંસો ખાઈ લીધો હતો.

પત્નિ અને દિકરીને ઘટનાની જાણ થતા તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે ગાંધીનગર સિવિલ હોસ્પિટલ લઈ જવાયા હતા. જો કે પ્રૌઢનું મૃત્યુ થઈ ચુકયું હતું. સે-૭ પોલિસે અકસ્માત મોતનો ગુનો નોંધી મૃતદેહ પીએમ કરાવી આપઘાતનું કારણ બહાર લાવવા તજવીજ શરુ કરી છે.

### પોસ્ટ વિભાગે ઓનલાઈન સુવિધા ઉપલબ્ધ કરી

ગાંધીનગર, તા.૨૭

ગાંધીનગર જિલ્લાની તમામ પોસ્ટ ઓફિસોમાં પોસ્ટલ લાન ઈનસ્યોરન્સ અને રિકરીંગ લાઈફ ઈન્સ્યોરન્સની સુવિધા ઓનલાઈન કરવામાં આવી છે.

પોસ્ટના ગ્રાહકોએ પી.એલ.આઈ. અને આર.પી. એલ.આઈ. પાસબુકની ઝેરોક્ષ કોપી મોબાઈલ નંબર સાથે નજીકની પોસ્ટ ઓફિસમાં જમા કરાવવા પોસ્ટ વિભાગ ગાંધીનગરના અધિક્ષકે જણાવ્યું છે. કોપી જમા કરાવાથી ભરાયેલા તમામ પ્રિમિયમની તારીખો અપડેટ થઈ જશે તમામ ગ્રાહકોએ ઝડપથી આ સેવાને અનુસરવા ડાકઘર અધિક્ષકે જણાવ્યું છે.

# સંજય જોશીની પાલનપુરમાં કાર્યકર્તાઓની સાથે વાતચીત

## પ્રજાના કાર્યો માટે સદૈવ તત્પર હોવાનો સંજય જોશી દ્વારા દાવો કરાયો : મોડેથી સંજય જોશી બોટાદ જવા રવાના

પાલનપુર, તા.૨૭

ભારતીય જનતા પાર્ટીના પૂર્વ રાષ્ટ્રીય મહામંત્રી સંજય જોશી ફરીવાર સક્રિય થઈ ગયા છે. અજ્ઞાતવાસ બાદ ઘર વાપસી થતાં તેઓ હવે ફરી સક્રિય થઈ ગયા છે. જોશીએ પાર્ટીમાંથી સંગઠનમાં રહેલા કાર્યકર્તાઓ અને રાજ્ય તથા કેન્દ્ર ખાતે પાર્ટીના જુના, નવા કાર્યકર્તાઓને મળી ચર્ચા વિચારણામાં થોડો સમય વિતાવ્યો હતો. તેઓએ પત્રકારો સાથે વાતચીત કરતાં જણાવ્યું હતું કે, તેઓ



(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

પાલનપુરમાં સંજય જોશીનું આગમન થયા બાદ તેમનું ભવ્ય સ્વાગત કરાયું હતું, ત્યારબાદ તેઓ જુદા-જુદા કાર્યક્રમોમાં વ્યસ્ત થઈ ગયા હતા. જુના કાર્યકર્તાઓ સાથે ચર્ચા વિચારણાનો દોર શરૂ કર્યો હતો. રેલવે સ્ટેશન પર તેમને આવકારવા માટે ભાજપના જુના અગ્રણીઓ અને કાર્યકરો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. સંજય જોશીની પાર્ટીમાંથી હકાલપટ્ટી બાદ લાંબા સમયના સરકારમાં પ્રજાના કાર્યો માટે સદૈવ તત્પર હોવાનો પુનર્ચોચાર પણ કર્યો છે. સંજય જોશી અને નરેન્દ્ર મોદી વચ્ચેના ખટરાગથી તમામ લોકો અને કાર્યકરો વાકેફ છે. વર્ષો પહેલા તેમની વચ્ચે ભારે ખેંચતાણ રહી હતી, જેના કારણે ભાજપમાં મોટાપાયે ઉથલપાથલ થઈ હતી. તે હવે સમયની સાથે થાળે પડવા લાગતા પાર્ટીના જૂના સંનિષ્ઠ કાર્યકરોમાં ઉત્સાહ જોવા મળી રહ્યો છે. સંજય જોશીએ પાલનપુર સામાજિક કાર્યઅર્થે બે દિવસ ગુજરાતના પ્રવાસે આવ્યા છે. તેમના આગમન અંગે પાર્ટીના મોટાભાગના લોકો પાલનપુર નગરપાલિકાના સભ્યોને જાણ કરવામાં આવી ચુકી છે. આગામી સમયમાં મહાનગરપાલિકાની ચુંટણીમાં સંજય જોશી પાસે ગયા તો ટીકીટ કપાઈ જશે તેવો ડર કેટલાક નગર સેવકોએ નામ ન છાપવાની શરતે વ્યક્ત કર્યો હતો. મોડેથી સંજય જોશી બાય રોડ બોટાદ જવા રવાના થયા હતા.



ગુજરાત રાજ્યના અંતરિયાળ વિસ્તારના કેટલાય ગામડાઓ પ્રાથમિક જરૂરીયાતોથી વંચિત છે. કેરળ રાજ્યમાં સૌથી વિશાળ આશ્રમ ધરાવતા અને જેના દેશ-વિદેશમાં કરોડો અનુઆયીઓ છે તેવા અમ્મા તરીકે જાણીતા મા અમૃતાનંદમયી દ્વારા અરવલ્લી જિલ્લાના ધનસુરા તાલુકાના વડાગામ નજીક આવેલા નાની બોરવાઈ ગામને દત્તક લેવામાં આવાતાં ગ્રામજનોમાં આનંદ છવાયો છે. કેરળના મા અમૃતાનંદમયી ટ્રસ્ટ (અમ્મા) કે જે ભારત દેશમાં સેવાકીય પ્રવૃત્તિઓ માટે જાણીતા છે.

## શબ્દાવલી - ૫૭૧૪

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | ૩ | ૪ | ■ | ૫ | ૬ |
| | ■ | ૭ | | | ■ | ૮ | |
| ૯ | ૧૦ | | ■ | ૧૧ | ૧૨ | | |
| ૧૩ | | | ૧૪ | ■ | ૧૫ | | ■ |
| ૧૬ | | | | ■ | | ■ | ૧૭ |
| ■ | ૧૮ | | ■ | ૧૯ | ■ | ૨૦ | |
| ૨૧ | ■ | ■ | ૨૨ | | | | |
| ૨૩ | | ■ | ૨૪ | | ■ | ૨૫ | |

### આડી ચાવી

૧. પ્રધુપ્રમેહ (૫)
૨. વૃદ્ધાવસ્થા, ... વસ્થા (૨)
૭. ના, નનૈયો (૩)
૮. રાજા, ફરિયાદ (૨)
૯. વસ્ત્ર, પોશાક (૩)
૧૧. પિતૃઓને અપાતી અંજલિની વિધિ (૪)
૧૩. માલિક, પતિ (૪)
૧૫. ૫૦ કિલોનું માપ (૨)
૧૬. સમાવવું, સમાવેશ (૪)
૧૮. માથુ, મસ્તક (૨)
૨૦. ચીરા, વાઢીયા (૨)
૨૨. હરણ જેવી આંખોવાળી (૫)
૨૩. પરંતુ (૨)
૨૪. શરીર (૨)
૨૫. ચીડ, ગુસ્સો, દ્વેષ (૨)

### ઊભી ચાવી

૧. કિડની બગડી હોય ત્યારે લોહી શુદ્ધ કરવા માટેની યાંત્રિક પ્રક્રિયા (૫)
૨. સત્તાવાર ના હોય તેવું (૬)
૩. નિંદા, વગોવવી (૨)
૪. શર્ત (૩)
૫. થોડુક પણ (૪)
૬. લંકાપતિ, લંકેશ (૩)
૧૦. બારેમાસ થતો એક ફુલ છોડ (૪)
૧૨. ખેલ (૩)
૧૪. ... લખવાનું કે, પત્રની શરુઆતમાં લખાતું સંબોધન (૪)
૧૭. જાપાનનું રહેવાસી (૪)
૧૯. આકાશ, નભ (૩)
૨૦. નિયમ, લો (૩)
૨૧. લાંબી મુસાફરી, સફર (૨)
૨૨. મરેલ (૨)

### શબ્દાવલી ૫૭૧૩ના જવાબ

**આડી ચાવી :-** (૧) ગિરનાર (૫) નજર (૮) રખેવાળ (૯) દાડમ (૧૦) વુલન (૧૨) ઘરોબો (૧૪) દયા (૧૫) રજ (૧૮) ગાંસડી (૨૦) કારગત (૨૧) વીરાટ (૨૩) સયાની

**ઊભી ચાવી :-** (૧) ગિરજાગર (૨) રખ (૩) નાવા (૪) રળવું (૫) મેદાન (૬) જડ (૭) રમતીયાળ (૧૧) લત્તો (૧૩) રોજગાર (૧૬) ખંડીત (૧૭) શિયાવીયા (૧૯) સગડી (૨૦) કાન (૨૨) રાની

### ગરમીનું મોજુ

● અનુસંધાન પહેલાનું ચાલુ

સંખ્યામાં ઘટાડો નોંધાયો છે તેમજ હવે લોકો પોતાનું કામ ૧૧ વાગ્યા સુધીમાં જ સંપન્ન થઈ જાય તે રીતે આયોજન કરી બપોર બાદ બહાર નીકળવાનું ટાળી રહ્યાં છે.

જે રીતે ગરમી વધી રહી છે તે સહન ન થતાં લોકોમાં બેચેનીનું પ્રમાણ પણ વધી રહ્યું છે.

એપ્રિલમાં જે રીતે ગરમી નોંધાઈ રહી છે તે જોતાં આગામી મે મહિનામાં ગરમી નવા વિક્રમો રચે તો નવાઈ નહિ તેવી લોકજીભે ચર્ચાઓ થઈ રહી છે. એપ્રિલ મહિનામાં જ ગરમીનો પારો જે રીતે ૪૨ ડિગ્રીને પાર કરી ગયો છે તેને લઈ લગ્નસરાની મોસમનો આનંદ પણ લોકો વિસરી ગયા છે.

આગામી બે દિવસ સુધી આકાશ સ્વચ્છ રહેશે તેમ હવામાન ખાતાની આગાહી છે. ગરમીથી બચવા લોકોએ શુ શુ સાવચેતી રાખવી તે માટે આરોગ્યતંત્ર પણ હરકતમાં આવ્યુ છે અને લોકોને સાવચેતીના પગલાં લેવાની સલાહ આપતી પત્રિકાઓનું વિતરણ શરૂ કર્યું છે.

### ધો.૧૦નું પરિણામ

● અનુસંધાન પહેલાનું ચાલુ

આ પરીક્ષામાં ધોરણ ૧૦ના ૧૦ લાખથી વધુ વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા જ્યારે ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહમાં અને વિજ્ઞાન પ્રવાહના મળીને કુલ ૮ લાખ વિદ્યાર્થીઓએ બોર્ડની પરીક્ષા આપી હતી. આ પરીક્ષા લેવાયા બાદ શિક્ષણ બોર્ડ દ્વારા ઉત્તરવહીઓ ચકાસવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. જે પૈકી ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહ અને સામાન્ય પ્રવાહની ઉત્તરવહીઓ ચકાસવાની કામગીરી પૂર્ણ થઈ ચુકી છે જ્યારે ધોરણ ૧૦ની પરીક્ષાની ઉત્તરવહીઓ ચકાસવાની કામગીરી પણ અંતિમ તબક્કામાં છે ત્યારે હવે શિક્ષણ બોર્ડ દ્વારા પીરક્ષાના પરિણામ જાહેર કરવાની કવાયત હાધ ધરવામાં આવી છે. બોર્ડના ઉચ્ચ સ્તરીય સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ ધોરણ ૧૦નું પરિણામ બીજી જુનના રોજ જાહેર કરાશે.ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહની પરીક્ષાના પરિણામ ૨૫મી મેના રોજ જાહેર કરવામાં આવશે જ્યારે ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહના પરિણામ ૩૦મી મેના રોજ જાહેર કરવામાં આવશે. ઉલ્લેખનીય છે કે, તાજેતરમાં શિક્ષણમંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાએ આ વર્ષે પરિણામો મેના અંત સુધીમાં જાહેર કરી દેવાની ખાતરી આપી હતી.જેના પગલે ચાલુ વર્ષે નિશ્ચિત સમય મર્યાદામાં તમામ પરીણામ જાહેર થશે.

### પ્રજાભિમુખ સેવાઓ

● અનુસંધાન પહેલાનું ચાલુ

મેયરશ્રી મહેન્દ્રસિંહ રાણાના હસ્તે લોન્ચીંગ કરાયું હતું. વેબસાઈટના પ્રારંભથી ગાંધીનગર મહાનગરપાલિકાની વિવિધ સેવાઓ અને સુવિધા અંગેની માહિતી હવે શહેરીજનો ઘેર બેઠા જાણી શકશે. આ સાથે કુપોષણ નિવારવા ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા શરૂ કરાયેલ યોજનાને મેયરશ્રીએ 'જીજાબાઈ મમતા સેવા પ્રોત્સાહક યોજના' નામકરણ કર્યુ હતુ. કાર્યક્રમ અંતર્ગત પોતાના પ્રાસંગિક પ્રવચનમાં મેયરશ્રી મહેન્દ્રસિંહ રાણાએ સગર્ભા મહિલાઓને પોતાની તથા ગર્ભસ્થ શિશુની કાળજી લેવા સુચન કર્યુ હતુ. હિંસક ફિલ્મ કે ટીવી કાર્યક્રમ જોવાનું ટાળવા તથા રામાયણ, મહાભારતની વાર્તા સાંભળવા અંગે વધુમાં તેમણે જણાવ્યું હતું. દરમ્યાન કુપોષણ સામેના અભિયાન અંતર્ગત મેયરશ્રીએ મહિલાઓને તમામ પ્રકારની મદદ માટે મ્યુનિસિપલ કોર્પોરેશનની ટીમે તૈયાર હોવાનું જણાવ્યું હતું. ઉપરાંત મેલેરિયા દિનની ઉજવણી સંદર્ભે મચ્છરોની ઉત્પતિ ટાળવા તેમણે સફાઈ ઉપર ભાર મુકતા જુના ખાલી સામાન તથા કાટમાળનો નિકાલ કરવા જણાવ્યું હતું. તેમણે મહાનગરપાલિકાની વેબસાઈટથી ઉપલબ્ધ થનારી સુવિધા અંગે માહિતી આપી હતી.

દરમ્યાન આરોગ્યલક્ષી કાર્યક્રમ અંતર્ગત મહાનગરપાલિકાના કોર્પોરેશન પ્રોગ્રામ કો-ઓર્ડીનેટર ડૉ. શ્રદ્ધાંસિંગ રાજપુતે પ્રેઝન્ટેશન દ્વારા પોષણયુક્ત આહાર અંગે માહિતી અને માર્ગદર્શન આપ્યું હતું. સગર્ભાવસ્થા દરમ્યાન એમીયાની સમસ્યા નિવારવા કેવા પ્રકારનો આહાર લેવો જોઈએ. જેથી પ્રટીન, વિટામીન, આર્યન(લોહ), કેલ્શિયમ વગેરે તત્વો પ્રાપ્ત થાય તે અંગે તેમણે માહિતી આપી હતી. ઉલ્લેખનીય છે કે હિમોગ્લોબીન બને તે હેતુ જરૂરી પ્રોટીન આપવા માટે ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા ચાલુ વર્ના બજેટમાંથી રૂ. ૨૫ લાખની જોગવાઈ કરવામાં આવેલ છે. દરમ્યાન વાહકજન્ય રોગ નિયંત્રણ કાર્યક્રમ અંતર્ગત ગાંધીનગર મહાનગરપાલિકાના બાયોલોજીસ્ટ શ્રી એન.પી. પટેલ દ્વારા મેલેરિયાના રોગચાળાની ઉત્પતિ અંગેનું પ્રેઝન્ટેશન અપાયું હતું. જેમાં તેમણે મચ્છરોના ઉત્પતિ સ્થાનો જેવા કે ટાયર, ફુલદાની, પક્ષીકુંજ, મની પ્લાન્ટ, ટોયલેટ-ટબ વગેરે અંગેની માહિતી આપી તેના નિકાલ અને સાફસફાઈ અંગે માર્ગદર્શન આપ્યું હતું તથા ચિકનગુનીયા, મેલેરિયા વગેરે રોગોથી બચવા મચ્છરદાનીમાં સુવાની ટેવ પાડવા જણાવ્યું હતું.

### ભાજપની કારોબારી

● અનુસંધાન પહેલાનું ચાલુ

મહાસંપર્ક અભિયાન દરમ્યાન યોજાનાર કાર્યક્રમોની રૂપરેખા સાથે ભારત સરકાર અને ગુજરાત સરકારે લીધેલા મહત્વના નિર્ણયોની જાણકારી જન જન સુધી પહોંચાડવા માટેની વ્યુહરચના પણ તૈયાર કરી દેવામાં આવશે.

શાળા પ્રવેશોત્સવ, સફાઈ અભિયાન, વૃક્ષારોપણ જેવા મહત્વના કાર્યક્રમોમાં કાર્યકરોની સક્રિયતા પર આ બેઠકમાં ભાર મુકવામાં આવશે તેમ આ સુત્રોએ જણાવ્યું છે.

### હડતાલ પાડશે

● અનુસંધાન પહેલાનું ચાલુ

દુર કરવા , ઓવરટાઈમ સમયસર મળતો ન હોવાની સાથે જૂના પગારપંચ મુજબ ઉચ્ચ પગાર ધોરણ આપવા સહિત કેન્દ્ર સરકાર દ્વારા રાડ સેફટીનુ બંધારણ લાગુ પાડવાની નિતિના વિરુધ્ધમાં કર્મચારીઓ માસ સી એલ પર ઉતરશે. આ મામલે અગાઉ પણ વારંવાર રજુઆત કરવા છતા કાઈ પગલા ન લેવાયો હોવાનો સુર ઉઠવા પામ્યો છે. આ માંગણીઓ સંદર્ભે એસ ટી નિગમના કર્મચારીઓ દ્વારા આગામી તા ૩૦ એપ્રિલના રોજ રાજય એસ ટી નિગમના કર્મચારીઓ રજા પર ઉતરી જશે.જેમાં ગાંધીનગર ડેપોના ૬૦૦ જેટલા કર્મચારાઓ પણ જોડાશે. તા ૨૯ મી એ રાત્રિના ૧૨ વાગ્યાથી કર્મચારીઓની હડતાળ શરુ થશે. (ગાંધીનગર એસ ટી ડેપોના કર્મચારીઓ આગામી તા ૩૦ એપ્રિલે હડતાળ કરશે.)

### સૌથી સુખદ ક્ષણો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ભય ફેલાયો હતો. અમે જ્યાં હતા ત્યાં ૫૦૦ થી ૬૦૦ જેટલા પ્રવાસીઓ અને સ્થાનિક નાગરિકો એકત્ર થઈ ગયા હતા. ખુલ્લા મેદાનમાં હોવા છતાં સતત આવતા કંપનોના કારણે એટલો ભય લાગતો હતો કે હમણાં ધરતી ફાટી જશે અને અમે તેમાં સમાઈ જઈશુ. જો કે સાંજ સુધીમાં કંપનો હળવા થતાં અમે જ્યાં રોકાયા હતા તે હોટલ પર પરત આવવા નીકળ્યા હતા. અહીં પણ હોટલવાળાઓએ તેમને ત્યાં રોકાયેલા પ્રવાસીઓ માટે ટેન્ટની સુવિધા કરી આપી હતી. હોટલને ઘણુ નુકશાન થયુ હોવા છતાં સ્ટાફે હિંમત કરી રૂમમાંથી ગાદલા બારી બહાર ફેંકી સૌના માટે સુવાની વ્યવસ્થા ટેન્ટમાં કરી આપી હતી અને જમવાનું પણ બનાવી આપ્યું હતું. જો કે ઠંડી ખુબ હોવાથી અમે એક બસમાં રાત પસાર કરી હતી. રાત્રે પણ અવારનવાર આંચકા આવતા રહ્યા હતા. જેના કારણે બસ જાણે દરિયામાં ચાલતી કોઈ બોટ હોય તેવુ લાગતુ હતુ. માંડ માંડ રાત પસાર કરી સવારે તો અમે કાઠમંડુ એરપોર્ટ પર આવવા નીકળી ગયાહતા. અમારી પાસે ઈન્ડિગોની રીટર્ન ટીકીટ હોવાથી એરફોર્સના પ્લેનમાં લેવાની એરફોર્સવાળાએ ના પાડી દેતા બપોરે બાર વાગ્યાની આસપાસ એરપોર્ટમાં ચેકઈન કરી દીધુ હતુ. ડૉ. દોશી કહે છે કે હજુ તો એરપોર્ટ પહોંચ્યા ત્યાં જ ભૂકંપનો એટલો જોરદાર આંચકો આવ્યો કે અમે ખરેખર ખુબ ડરી ગયા. ખુલ્લા મેદાનમાં ભાગી જવાનો કોઈ માર્ગ ન હોવાથી અમે એક જગ્યાએ ઉભા રહી ગયા હતા અને ઈશ્વરને મનોમન પ્રાર્થના કરવા લાગ્યા હતા. આ આંચકો ખુબ વધુ તીવ્રતાવાળો હતો પરંતુ માત્ર થોડીક સેકન્ડો માટે જ હોવાથી એરપોર્ટ પર વધુ નુકશાન થયું ન હતુ. અમારી ફ્લાઈટ બપોરે ૩ વાગ્યાની હતી પરંતુ કાઠમંડુના નાનકડા એરપોર્ટ પર રેસક્યુ માટે વિવિધ દેશોના વિમાન ઉતરતા અન્ય ફ્લાઈટ લેન્ડ જ થઈ શકતી ન હતી. બપોરે આવવાવાળુ પ્લેન છેક રાત્રે અગિયાર વાગે આવી પહોંચ્યુ ત્યારે માંડ જીવમાં જીવ આવ્યો અને એવુ લાગ્યું કે હવે અમે બચી જઈશુ. રાત્રે બાર વાગે ફ્લાઈટ ઉપડી ત્યારે અમે ભગવાનનો ખુબ ખુબ આભાર માન્યો.

દિલ્હી અમદાવાદ આવવા માટેની ફ્લાઈટ એરપોર્ટ પર તૈયાર જ હોવાથી અમે સોમવારે વહેલી સવારે ચાર વાગે તો અમદાવાદ આવી પહોંચ્યા. એરપોર્ટ પર સૌ પરિવારજનો અને મિત્રોને જોયા ત્યારે જે આનંદ અનુભવાયો તે જીવનનો શ્રેષ્ઠ આનંદ હતો. બે દિવસ તો અમારા માટે ખરેખર દુઃસ્વપ્ન સમાન બની રહ્યા... ઈશ્વર આવા દિવસો કોઈનેય ન બતાવે તેવી પ્રાર્થના...

### શિરદર્દ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

શિરદર્દ સમાન છે. અગાઉ કલાકારોને ઈજા પહોંચી હોવાના પણ દાખલા છે. ટાઉનહોલમાં વર્ષ દરમિયાન અનેક સરકારી કાર્યક્રમોનુ પણ આયોજન કરવામાં આવે છે. નગરની કલાસંસ્થાઓ પણ એકમાત્ર ટાઉનહોલ આધારિત છે. આમછતા ટાઉનહોલને નવારૂપરંગ આપવા વર્ષોના અંતે કોઈ નિર્ણય લેવાતો નથી. રીનોવેશનનો પ્રોજેકટ હજુ ફાઈલમાં જ કેદ છે.બીજીતરફ કલાકારો અને સંગીત પ્રમીઓ આ અવ્યવસ્થાથી ગળે આવી ગયા છે.કલા અને સંસ્કૃતિ ક્ષેત્રે આગવી ઓળખ ધરાવતા નગરમાં કલાકારોને સ્ટેજ પુરુ પાડતા ટાઉનહોલની દશા સુધારવા સરકારી તંત્ર ભારે ઉદાસીનતા સેવી રહયું છે.